# 20 બા એકલાં જીવે...



**મૂકેશ જોશી**

**(જન્મ : 2-10-1964)**

કાવ્યક્ષેત્રે નિજી કેડી કંડારનાર કવિ મૂકેશ દુર્ગેશભાઈ જોશીનો જન્મ વડાલી-ઈડર (જિ. સાબરકાંઠા) ખાતે થયો છે. અભ્યાસ મોડાસાની સર્વોદય હાઈસ્કૂલમાં કર્યો છે. ડિપ્લોમા સિવિલ ઍન્જિનિયર તેમજ એમ.એ. જેવી શૈક્ષણિક ઉપાધિઓ ધરાવે છે. 'કાગળને પ્રથમ તિલક', 'ત્રાણ' તેમજ 'બે પંક્તિના ઘરમાં' એમના નોંધપાત્ર કાવ્યસંગ્રહો છે. 'જળ અભિષેક', 'આંતરયાત્રા', 'એક સાંવરિયો બીજો બાવરિયો', 'રૂપિયાની રાણી ને ડોલરિયો રાજા' એમનાં નાટકો છે. એમને શયદા ઍવૉર્ડ, જયન્ત પાઠક ઍવૉર્ડ-સુરત, ગુજરાત સાહિત્ય અકાદમી ઍવૉર્ડ તેમજ હરીન્દ્ર દવે ઍવૉર્ડ (2010) પ્રાપ્ત થયા છે. વિષયવસ્તુની પસંદગીથી લઈને એની અભિવ્યક્તિની ભાવસઘન ભાષાને લઈને એમની કવિતાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.

બે પેઢી વચ્ચે ભૌતિક અને માનસિક અંતર વધતું જાય છે અને આ સમય જૂની પેઢીને ખાલીપો આપી જાય છે તેમજ નવી પેઢીને સંબંધોની મીઠાશથી દૂર કરતો જાય છે. વૅકેશનમાં મળતા અને વ્હાલથી મલકાતા સગાસંબંધીઓ હવે મળવાનું ટાળે છે. માત્ર પોતાના નાનકડા કુટુંબ તરફ ધ્યાન આપીને મોટા આનંદથી વંચિત થતા જાય છે. વૅકેશનની રાહ એનાં બાળકો કરતાં વતનમાં રહેતા એમના વડીલો વધારે જોતા હોય છે, કારણ કે આખા વર્ષની એકલતા દૂર થવાના દિવસો નજીક આવતા દેખાય છે અને જ્યાં આવનારની વાટ જોવાતી હોય ત્યારે ફોન આવે છે કે આ વૅકેશનમાં અમે બહારગામ ફરવા જવાનાં છીએ એથી અવાશે નહિ! ત્યારે એકલતા બમણા જોરથી હુમલો કરે છે, જીવવું કપરું બની જાય છે. આવાં અનેક બા અને દાદા આપણાં ગામડાંમાં વસે છે, જેમનાં દીકરા-દીકરીઓ દૂરદૂર શહેરોમાં જઈને વસ્યાં છે. શહેરીજનો જ્યારે આ વ્યથાને સમજશે ત્યારે જ કદાચ એનો સુખદ અંત આવી શકે!

---

બા એકલાં જીવે... બા સાવ એકલાં જીવે
એકલતાનાં વર્ષો એને ટીપે ટીપે પીવે. બા સાવ૦
બાના ઘરમાં વૅકેશન જ્યાં માળો બાંધી રહેતું,
રસગુલ્લાની ચાસણી જેવું વ્હાલ નીતરતું વહેતું.
દોડાદોડી, સંતાકૂકડી સહુ પકડાઈ જાતાં
ભાઈ-ભગિની ભેળાં બેસી સુખનો હીંચકો ખાતાં.
સુખડીમાં ઘી રેડી-રેડી બા સહુને ખવડાવે
ઊડવાનું બળ આપી પાછી ઊડવાનું શિખવાડે.
સુખનો સૂરજ છાનોમાનો જલતો ઘરના દીવે. બા સાવ૦
કાળ-કુહાડી ફરી કપાયાં વૅકેશનનાં ઝાડ
કોઈ હવે પંખી ના ફરકે ચણવા માટે લાડ.
સૂનકાર ને સન્નાટાઓ ઘરમાં પહેરો ભરતા
બાના જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા.
સુખડીનો પાયો દાઝેલો શેમાં એ ઘી રેડે
બાએ સહુનાં સપનાં તેડ્યાંઃ કોણ બાને તેડે.
ફાટેલા સાળુડા સાથે કૈંક નિસાસા સીવે. બા સાવ૦

કમ સે કમ કો' ટપાલ આવે તાકે આંખો રોજ,
નીચું ઘાલી જાય ટપાલી ખાલી થાતો હોજ.
દાદાજીના ફોટા સામે ભીની આંખે પૂછે,
ફ્રેમ થયેલા દાદા એનાં આંસુ ક્યાંથી લૂછે.
શબરીજીને ફળી ગયાં'તાં બોર અને એ રામ,
બાનાં આંસુ બોરબોર પણ ના ટપકે કો' રામ.
જીવતરથી ગભરાવી મૂકી મોતથી જે ના બીવે. બા સાવ૰

## શબ્દ-સમજૂતી

**એકલતા** એકાકીપણું; **સૂનકાર** ઉજ્જડ, નીરવતા; **રસગુલ્લાં** એક બંગાળી મીઠાઈ; **તાકવું** ધારીને જોવું.

## રૂઢિપ્રયોગ

**બોર બોર આંસુ ટપકવાં** ચોધાર આંસુએ રડવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) બા શા માટે એકલાં પડી ગયાં છે?

(2) બાનું હેત (વહાલ) કેવું છે?

(3) 'બા એકલાં જીવે' કાવ્યમાં બાની કઈ સમસ્યા વિશે વાત કરવામાં આવી છે?

(4) સુખનો હીંચકો કોણ ખાઈ રહ્યું છે?

(5) સુખડી બનાવી કોણ ખવડાવે છે?

(6) ઘરમાં કોણ પહેરો ભરે છે?

(7) બાના જીવતરની છત પરથી શું ખરે છે?

(8) ફ્રેમ થયેલા દાદા શું નથી કરી શકતા?

(9) બા શેનાથી બીતાં નથી?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) બા આખા કુટુંબનો ખ્યાલ કેવી રીતે રાખતાં?

(2) કાળરૂપી કુહાડીએ કેવી પરિસ્થિતિ સર્જી દીધી છે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'બાનો વર્તમાન' અને 'બાનો ભૂતકાળ' કવિતાના આધારે સમજાવો.

(2) બાની વેદના તમારા શબ્દોમાં લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- 'બા' વિષયક અન્ય કવિતા મેળવી ભીંતપત્ર ઉપર મૂકો.
- શબરીની વાર્તા તમારા શિક્ષક પાસેથી સાંભળો.
- ઈન્દુલાલ ગાંધીનું 'આંધળી માનો કાગળ' ગીત મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

કાવ્યનું શીર્ષક જ અધૂરું છોડ્યું છે.

કાવ્યમાં 'બા સાવ એકલાં જીવે' પંક્તિમાં 'સાવ' શબ્દથી બાના જીવનની એકલતાને કવિએ તીક્ષ્ણતાથી પ્રગટ કરી છે. એકાદ કવિશબ્દ યથાર્થ રીતે પ્રયોજાય ત્યારે ભાવની અસરકારકતા કેવી વરતાય છે તે જુઓ.

'રસગુલ્લા જેવું વ્હાલ', 'સૂનકાર ને સન્નાટાઓ ઘરમાં પહેરો ભરતા', 'જીવતરની છત પરથી શ્વેત પોપડા ખરતા' - આવાં રૂપકોથી ગીત અસરકારક બને છે.

બાના જીવનની એકલતા દૂર કરવા બાબતે બાના મૃત્યુથી ન બીવાની વાત વ્યક્ત કરતી આ પંક્તિ જુઓ :

'બાનાં આંસુ બોરબોર પણ ના ટપકે કો' રામ,
જીવતરથી ગભરાવી મૂકી મોતથી જે ના બીવે.'

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'મા તે મા' વિષય પર નિબંધ તૈયાર કરાવો.
- મણિલાલ દેસાઈનું 'બાને' સૉનેટ મેળવીને વિદ્યાર્થીને સંભળાવો.
- મૂકેશ જોશીનાં અન્ય ગીત વિદ્યાર્થીઓને સંભળાવો.
- પ્રસ્તુત કાવ્યનું ગાન ન કરાવતાં, એનો ભાવવાહી પાઠ (રિસાઈટેશન) કરો.

•